# તમારું શહેર. તમારો મત.

ટોરોન્ટો નગરપાલિકા ચૂંટણી

સોમવાર, 26 ઑક્ટોબર, 2026

**toronto.ca/Elections**

નગરપાલિકા ચૂંટણીની માહિતી માટે તમારો વિશ્વસનીય સ્રોત.

# મતદાન માટે તૈયાર રહો, ટોરોન્ટો!

## કોણ મત આપી શકે?

ટોરોન્ટોની 2026ની નગરપાલિકા ચૂંટણીમાં મત આપવા માટે, તમારે નીચેની પાત્રતા હોવી જરૂરી છે:

- કેનેડિયન નાગરિક હોવા જોઈએ; અને
- ઓછામાં ઓછા 18 વર્ષના હોવા જોઈએ; અને
- ટોરોન્ટો શહેરના રહેવાસી હોવા જોઈએ; અથવા
- ટોરોન્ટોના રહેવાસી ન હોવા છતાં, તમે અથવા તમારા જીવનસાથી ટોરોન્ટોમાં મિલકતના માલિક હો અથવા મિલકત ભાડે લેતા હોવ; અને
- કોઈપણ કાયદા હેઠળ મતદાન કરવા પ્રતિબંધિત ન હોવા જોઈએ.

ટોરોન્ટોમાં તમારી માલિકી અથવા ભાડે લીધેલી મિલકતોની સંખ્યા કેટલી પણ હોય, તમે માત્ર એક જ વાર મત આપી શકો છો.
તમારે તમે જ્યાં રહો છો તે વૉર્ડમાં જ મત આપવો પડશે.

## તમને જરૂરી બધી માહિતી મેળવો

આ માટે **toronto.ca/Elections** ની મુલાકાત લો:

- મતદાર યાદીમાં તમારી માહિતી ચકાસો, ઉમેરો અથવા સુધારો (11 ઑક્ટોબરે સાંજે 7 વાગ્યા સુધી).
- ક્યાં અને ક્યારે મત આપવો તે જાણો.
- ઓળખપત્ર સંબંધિત આવશ્યકતાઓ વિશે જાણો.
- ડિજિટલ મતદાર માહિતી કાર્ડ ડાઉનલોડ કરો અથવા પ્રિન્ટ કરો.
- તમારા મતદાન સ્થળની સુલભતા વિશે માહિતી મેળવો.
- તમારા વૉર્ડનું નમૂના મતપત્ર અને ઉમેદવારોની યાદી જુઓ.

## મતદાનના વિકલ્પો

### વ્યક્તિગત રીતે

તમે આગોતરા મતદાન દરમિયાન અથવા ચૂંટણીના દિવસે વ્યક્તિગત રીતે મત આપી શકો છો. તમારું મતદાન સ્થળ **toronto.ca/Elections** પર શોધો.

| આગોતરું મતદાન | ચૂંટણીનો દિવસ |
|---|---|
| 6 થી 11 ઑક્ટોબર | સોમવાર, 26 ઑક્ટોબર |
| સવારે 10 થી સાંજે 7 વાગ્યા સુધી | સવારે 10 થી રાત્રે 8 વાગ્યા સુધી |

## ટપાલ દ્વારા

તમે **toronto.ca/Elections** પર ટપાલ દ્વારા મતદાન કરવાની વિનંતી કરી શકો છો. પૂર્ણ કરેલું ટપાલ મતદાન (Mail-in Voting) પેકેજ 14 ઑક્ટોબરે બપોરે 12 વાગ્યા સુધી Toronto Electionsને મળવું આવશ્યક છે. નિશાન કરેલું મતપત્ર અને જરૂરી દસ્તાવેજો પરત આપવા માટે સુરક્ષિત Toronto Elections ડ્રોપ બોક્સનો ઉપયોગ કરો અથવા કેનેડા પોસ્ટ (Canada Post) મારફતે અગાઉથી ટપાલ ખર્ચ ચૂકવેલ પરબીડિયું મોકલો. ડ્રોપ બોક્સના સ્થળો અને સમય માટે **toronto.ca/Elections** જુઓ.

**ટપાલ મતદાનની મહત્વપૂર્ણ તારીખો**

**વિનંતીનો સમયગાળો:** મંગળવાર, 1 સપ્ટેમ્બરથી ગુરુવાર, 24 સપ્ટેમ્બર સાંજે 4:30 વાગ્યા સુધી.
**પરત કરવાની અંતિમ સમયમર્યાદા:** બુધવાર, 14 ઑક્ટોબર બપોરે 12 વાગ્યા સુધી.

### પ્રતિનિધિ **દ્વારા**

જો તમે વ્યક્તિગત રીતે અથવા ટપાલ દ્વારા મત આપી શકતા ન હો, તો તમારા તરફથી મત આપવા માટે તમે અન્ય મતદારને પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરી શકો છો. આ વ્યક્તિ ટોરોન્ટોની 2026ની નગરપાલિકા ચૂંટણીમાં મત આપવા માટે પાત્ર હોવી જોઈએ.

મતદાર પ્રતિનિધિ નિયુક્તિ (Voting Proxy Appointment) ફોર્મ મેળવવા માટે **VoterRegistration@toronto.ca** પર ઇમેઇલ કરો અથવા **311** પર ફોન  કરો.

### પ્રતિનિધિ દ્વારા **મતદાનની મહત્વપૂર્ણ તારીખો**

મતદાર પ્રતિનિધિ નિયુક્તિ **(Voting Proxy Appointment) ફોર્મ માટે વિનંતી:** મંગળવાર, 1 સપ્ટેમ્બરથી શરૂ

પ્રતિનિધિ **ફોર્મ**ની રૂબરૂમાં પ્રમાણિતતા **કરવાની અંતિમ સમયમર્યાદા:** સોમવાર, 26 ઑક્ટોબર સાંજે 4:30 વાગ્યા સુધી

# મતદાર યાદીમાં તમારું નામ ઉમેરાવો

તમારી મતદાર યાદીની માહિતી ચકાસવા, ઉમેરવા અથવા સુધારવા માટે toronto.ca/Elections ની મુલાકાત લો અથવા 311 પર ફોન  કરો. મતદાર યાદીમાં ઑનલાઇન ફેરફાર કરવાની અંતિમ સમયમર્યાદા રવિવાર, 11 ઑક્ટોબર સાંજે 7 વાગ્યા સુધી છે.

તમારું નામ મતદાર યાદીમાં છે અને તમારી માહિતી સાચી છે તેની ખાતરી કરવી મહત્વપૂર્ણ છે, ખાસ કરીને જો છેલ્લી નગરપાલિકા ચૂંટણી પછી તમે સ્થળ બદલ્યું હોય અથવા તમારું નામ બદલ્યું હોય. મત આપવા જતાં પહેલાં તમારું નામ મતદાર યાદીમાં હોવાથી મતદાન પ્રક્રિયા વધુ ઝડપી બનશે.

જો રવિવાર, 20 સપ્ટેમ્બર સુધી તમારું નામ મતદાર યાદીમાં હશે, તો તમને મતદાર માહિતી કાર્ડ ટપાલ દ્વારા મોકલવામાં આવશે.

તમે આગોતરા મતદાન દરમિયાન અથવા ચૂંટણીના દિવસે વ્યક્તિગત રીતે પણ તમારું નામ મતદાર યાદીમાં ઉમેરી શકો છો.

**મત આપવા માટે, તમારે પાત્રતાની શરતો પૂર્ણ કરવી અને ઓળખપત્ર (ID) બતાવવું જરૂરી છે, ભલે તમારું નામ મતદાર યાદીમાં હોય.**

**મતદાર યાદીની મહત્વપૂર્ણ તારીખ**

**મતદાર યાદી ઑનલાઇન સુધારવાની અંતિમ સમયમર્યાદા:** રવિવાર, 11 ઑક્ટોબર સાંજે 7 વાગ્યા સુધી.

## મતદાર માહિતી કાર્ડ

તમારું મતદાર માહિતી કાર્ડ (VIC) વ્યક્તિગત રીતે ક્યારે અને ક્યાં મત આપવો તેની માહિતી આપે છે. VIC સાથે મતદાન સ્થળે જશો તો પ્રક્રિયા વધુ ઝડપી બનશે, પરંતુ મત આપવા માટે VIC હોવું જરૂરી નથી. VIC ઓળખપત્ર તરીકે વાપરી શકાય નહીં.

મતદાર માહિતી કાર્ડની મહત્વપૂર્ણ તારીખો

**ડિજિટલ મતદાર માહિતી કાર્ડ ઑનલાઇન ઉપલબ્ધ:** મંગળવાર, 1 સપ્ટેમ્બરથી શરૂ

ટપાલથી મોકલેલ **મતદાર માહિતી કાર્ડ:** સોમવાર, 28 સપ્ટેમ્બરથી શરૂ

## ભાવિ મતદારોને તૈયાર કરીએ

બાળકો ટોરોન્ટોના 2027ના “વર્ષના સર્વશ્રેષ્ઠ વૃક્ષ (Tree of the year)” માટે મત આપી શકે છે અને મતદાન પ્રક્રિયા વિશે શીખી શકે છે.

**શનિવાર, 10 ઑક્ટોબર અને રવિવાર, 11 ઑક્ટોબર**
સવારે 10 થી સાંજે 7 વાગ્યા સુધી
તમામ 50 આગોતરા મતદાન સ્થળોએ

**બાસવુડ (Basswood):**
મારો છાંયો મને પાર્કનું સૌથી ઠંડકભર્યું વૃક્ષ બનાવે છે!

**રેડ ઓક (Red Oak):**
મારા એકોર્ન અને પાંદડા મારા પ્રાણી મિત્રો માટે સ્વાદિષ્ટ નાસ્તો છે!

**વ્હાઇટ પાઇન (White Pine):**
મારી સોય જેવી પાંદડીઓ આખું વર્ષ મારા પ્રાણી મિત્રોને આશરો આપે છે!

**પેપર બર્ચ (Paper Birch):**
મારા બીજ દૂર દૂર સુધી ઉડી જાય છે અને મને બધે ઉગવામાં મદદ કરે છે!

**શુગર મેપલ (Sugar Maple):**
મારો મીઠો રસ અને ચમકતા રંગો વિશ્વવિખ્યાત છે!

# ઉમેદવારોને મળો

વિજેતા વૃક્ષને ટોરોન્ટોનું 2027નું "વર્ષનું સર્વશ્રેષ્ઠ વૃક્ષ (Tree of the year)" નામ આપવામાં આવશે અને વાવેતર દ્વારા તેની ઉજવણી કરવામાં આવશે. શાળાઓને નાનાં છોડ આપવામાં આવશે અને તમામ જાહેર વૃક્ષ-વિતરણ કાર્યક્રમોમાં મફત છોડ ઉપલબ્ધ રહેશે.

**મનોરંજક પ્રવૃત્તિઓ અને સ્રોતો માટે toronto.ca/KidsVote ની મુલાકાત લો:**

- મતપત્ર પર નિશાન કેવી રીતે કરવું તે શીખો.
- ક્યાં મત આપવો તે તપાસો.
- કયા વૃક્ષ ઉમેદવારના પાંદડા સૌથી મોટા છે, છાલ સૌથી ખરબચડી છે અથવા રસ સૌથી સ્વાદિષ્ટ છે તે જાણો.
- મધમાખીઓ, પક્ષીઓ અને ખિસકોલીઓને કયો વૃક્ષ ઉમેદવાર સૌથી વધુ ગમે છે તે જાણો.

# સુલભતા અંગેની માહિતી

તમામ મતદાન સ્થળો સુલભ છે અને સહાયક વ્યક્તિઓ તથા સહાયક પ્રાણીઓનું સ્વાગત કરે છે. તમારા મતદાન સ્થળની સુલભતા વિશેની માહિતી **toronto.ca/Elections** પર મળી શકે છે.

### સુલભ મતદાન સાધનો

- મતદાર સહાય મથક (Voter Assist Terminal (VAT)) દિવ્યાંગ મતદારોને વિવિધ સહાયક ઉપકરણોનો ઉપયોગ કરીને પોતાનું મતપત્ર ખાનગી રીતે અને સ્વતંત્ર રીતે નિશાન કરવાની સુવિધા આપે છે.
- મતદાર સહાય મથક (VAT)માં ટચ સ્ક્રીન, ઑડિયો સુવિધા, બ્રેઇલ કીપેડ, સીપ/પફ ટ્યુબ ઉપકરણ, રોકર પેડલ (rocker paddle) અને અક્ષરનું કદ તથા રંગનો કોન્ટ્રાસ્ટ બદલવા માટે ઝૂમ સુવિધાઓ હોય છે.
- બધા આગોતરા મતદાન સ્થળોએ અને ચૂંટણીના દિવસે દરેક વોર્ડમાં બે મતદાન સ્થળોએ મતદાર સહાય મથક (VAT) ઉપલબ્ધ રહેશે. ચૂંટણીના દિવસે તમને મતદાર સહાય મથક (Voter Assist Terminal)ની જરૂર હોય અને તે તમારા નિર્ધારિત મતદાન સ્થળે ઉપલબ્ધ ન હોય, તો તમે અગાઉથી 311 પર ફોન કરીને તમારું મતપત્ર બીજા સ્થળે બદલવાની વિનંતી કરી શકો છો.

### અન્ય સેવાઓ

- જો તમે વ્યક્તિગત રીતે મત આપી શકતા ન હો, તો ટપાલ દ્વારા મતદાન કરવાની વિનંતી કરી શકો છો અથવા મતદાર પ્રતિનિધિ નિયુક્ત કરી શકો છો. વધુ માહિતી માટે પાછળનો ભાગ જુઓ અથવા toronto.ca/Elections ની મુલાકાત લો.
- બધા મતદાન સ્થળોએ મોટા અક્ષરો માટે મોટું કરીને બતાવતી શીટ (magnification sheets), બ્રેઇલ લિપિમાં મતદાન સૂચનાઓ, મતપત્ર અને 26 ભાષાઓમાં મતદાન કેવી રીતે કરવું તેની સૂચનાઓ ઉપલબ્ધ છે.
- મદદ માટે તમે મિત્ર અથવા સહાયક વ્યક્તિને સાથે લાવી શકો છો.
- જો તમે મતદાન સ્થળની અંદર જઈ શકતા ન હો, તો તમારું મતપત્ર બહાર અથવા તમારા વાહન સુધી લાવી શકાય છે. વધુ માહિતી માટે 311 પર ફોન કરો.
- જો તમારા નિર્ધારિત મતદાન સ્થળે તમને કોઈ અવરોધ આવવાની શક્યતા હોય, તો અગાઉથી 311 પર ફોન કરીને મતપત્રને બીજા મતદાન સ્થળે બદલવાની વિનંતી કરી શકો છો.
- જો તમે બહેરા, શ્રવણ ક્ષતિ ધરાવતા, ઓછી સાંભળવાની ક્ષમતા ધરાવતા હો અથવા વાણી સંબંધિત અક્ષમતા હોય, તો તમારા TTY ઉપકરણથી 711 ડાયલ કરીને ચૂંટણીની માહિતી મેળવી શકો છો.
- વધુ સુલભતા સહાય માટે AccessibleElections@toronto.ca પર સંપર્ક કરો.

## માન્ય ઓળખપત્ર

મત આપવા માટે, તમારે ચૂંટણી અધિકારીને તમારું નામ અને પાત્ર ટોરોન્ટો સરનામું દર્શાવતું એક માન્ય ઓળખપત્ર (ID) બતાવવું પડશે. ફોટો ID આવશ્યક નથી.

### માન્ય IDના ઉદાહરણો:

- ઓન્ટારિયો દ્વારા જારી કરાયેલ ડ્રાઇવર લાઇસન્સ, ફોટો કાર્ડ અથવા મોટર વાહન પરમિટ (વાહન સંબંધિત ભાગ).
- ક્રેડિટ કાર્ડ અથવા બેંક ખાતાનું સ્ટેટમેન્ટ, અથવા રદ કરાયેલ વ્યક્તિગત ચેક.
- મોર્ટગેજ સ્ટેટમેન્ટ, લીઝ અથવા ભાડા કરાર.
- નિયોજક દ્વારા જારી કરાયેલ ચેક સ્ટબ, T4 સ્ટેટમેન્ટ અથવા પગારની રસીદ.
- ઑન્ટારિઓ વર્ક્સ (Ontario Works) અથવા ઑન્ટારિઓ ડિસબિલિટી સપોર્ટ પ્રોગ્રામ (Ontario Disability Support Program) માટે ડાઇરેક્ટ ડિપોજિટ (direct deposit)નું સ્ટેટમેન્ટ.
- મિલકત કર અથવા આવકવેરા આકારણીની નોટિસ.
- હાઇડ્રો, પાણી, ગેસ, ટેલિફોન અથવા કેબલ TVનું યુટિલિટી બિલ.

## ઇલેક્ટ્રોનિક ઓળખપત્ર

- જો કોઈ દસ્તાવેજ ઇલેક્ટ્રોનિક રીતે જારી કરવામાં આવ્યો હોય, તો તમે તેને તમારા મોબાઇલ ઉપકરણ પર ID તરીકે બતાવી શકો છો (ઉદાહરણ તરીકે ડિજિટલ ફોન બિલ અથવા ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટ).
- જો કોઈ દસ્તાવેજ મૂળ ઇલેક્ટ્રોનિક રીતે જારી કરવામાં આવ્યો ન હોય, તો તેનો ફોટો, ફોટોકૉપી અથવા સ્કેન ID તરીકે બતાવી શકાતી નથી (ઉદાહરણ તરીકે તમારા ડ્રાઇવર લાઇસન્સનો ફોટો).

**માન્ય ઓળખપત્રોની સંપૂર્ણ યાદી toronto.ca/Elections પર જુઓ.**

- તમે તમારા મતદાર માહિતી કાર્ડનો ID તરીકે ઉપયોગ કરી **શકતા નથી**.
- તમે પાસપોર્ટનો ID તરીકે ઉપયોગ કરી **શકતા નથી**, કારણ કે તેમાં તમારું સરનામું દર્શાવેલું નથી.

**toronto.ca/Elections**

**elections@toronto.ca**

**311**

**X: @cityoftoronto**

**Facebook: City of Toronto**

**Instagram: @cityofto**